અપીલ અરજી નં.૧૩૫ તા.૧૦–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નરેશચંદ્ર જયંતિલાલ વ્યાસ
સામાવાળાઃ– આસી. કમિશ્નર(ફા.) અને જાહેર માહિતીઅધિકારી (હિસાબનીશ)

***ફરીયાદની હકીકતઃ–***

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશચંદ્ર જયંતિલાલ વ્યાસ કર્મચારી નં.૪૭૬૭ ની તા.૩–૭–૦૯ની અરજીથી પ્રોવિડન્ટ ફંડ શા માટે ચૂકવેલ નથી? કોના અને કઈ તારીખના આદેશથી પ્રોવિડન્ટ ફંડના ચૂકવણીની કાર્યવાહી અટકાવી દેવામાં આવી છે? સદર બાબતે ફાઈલના સાદર રજુ નોંધ શેરા બાબતની કરેલ કાર્યવાહીની ઝેરોક્ષ નકલ આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૦–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૩૫/૦૯–૧૦

શ્રી નરેશચંદ્ર જયંતિલાલ વ્યાસ કર્મચારી નં.૪૭૬૭ ની તા.૩–૭–૦૯ની અરજીથી પ્રોવિડન્ટ ફંડ શા માટે ચૂકવેલ નથી? કોના અને કઈ તારીખના આદેશથી પ્રોવિડન્ટ ફંડના ચૂકવણીની કાર્યવાહી અટકાવી દેવામાં આવી છે? સદર બાબતે ફાઈલના સાદર રજુ નોંધ શેરા બાબતની કરેલ કાર્યવાહીની ઝેરોક્ષ નકલ આપવા બાબતે નહીં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/પર૪ તા.૧૮–૮–૦૯ થી આસી. કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબ)ને તથા મુળ અરજી તે તબદીલ થયેલ હોય તો તેની વિગત તથા કયા જાહેર માહિતી અધિકારીને સ્પર્શે છે તેની વિગતો માટે અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એકા./એસ.આર/૩૧૯૬ તા.૫–૯–૦૯ થી અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદની નકલ, મુખ્ય હિસાબનીશે ખાતા પાસેથી પ્રોવિડન્ટ ફંડની માહિતી માંગતો પત્ર, મુખ્ય હિસાબનીશે અરજદારને પૂરી પાડેલ માહિતી અંગે નં.એકા./એસઆર/૧૫૨૩ તા.૨૩–૬–૦૯ ની પત્રની નકલ, હિસાબનીશે ચૂકવણા અંગે પીઓ મહેકમને પાઠવેલ પત્રની નકલ, ખાતાએ મુખ્ય હિસાબનીશને પ્રોવિડન્ટ ફંડની કાર્યવાહી માટે કરેલ રીપોર્ટની નકલ, મુખ્ય હિસાબનીશે પ્રોવિડન્ટ ફંડના નાણાની સ્પષ્ટતા માંગતો નં .એકા./એસઆર/૯૦૦ તા.૨૧–૫–૦૯ ના પત્રની નકલ, જે અંગે મહેકમે જીએડી/ઈએસટી/૬૪૬ તા.૧૦–૬–૦૯ ના રોજ આપેલ પ્રત્યુત્તરની નકલ તથા અરજદાર તરફથી તા.૧–૯–૦૯ ના પત્ર સાથે મુળ અરજીની નકલ તથા ફી ભર્યાની રસીદ ની નકલ રજૂ કરેલ છે તથા અરજદારે તા.૯–૯–૦૯ ના રોજ માંગવામાં આવેલી માહિતી તા.૨–૯–૦૯ ના રોજ એકાઉન્ટ ખાતા ધ્વારા રૂબરૂમાં મળેલ હોય અપીલ અરજી રદ કરવા અંગેની મુળ અરજી રજૂ કરેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના પત્ર નં.એકા/એસઆર/૩૧૨૯ તા.૨–૯–૦૯ થી અરજદારને માંગેલ માહિતી પા.નં. ૧૩ પુરી પાડતા તથા તેમની પ્રોવિડન્ટ ફંડની અરજી જીલ્લા સહાયક નિરીક્ષકને રવાના કર્યાની માહિતી પુરી પાડતા પત્રની નકલ રજુ કરેલ છે.

અરજદારની તા.૩–૭–૦૯ ની અરજીથી પ્રોવિડન્ટ ફંડ શા માટે ચૂકવેલ નથી કોના અને કઈ તારીખના આશ્રયથી પ્રોવિડન્ટ ફંડના ચૂકવણીની કાર્યવાહી અટકાવી દેવામાં આવી છે સદર બાબતે ફાઈલના સાદર રજુ નોંધ શેરા બાબતની કરેલ કાર્યવાહીની ઝેરોક્ષ નકલ માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનને કરેલ જેઓએ વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૧૮૨ તા.૬–૭–૦૯ થી આસી.કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ. તે દરમ્યાન અપીલ તબકકે જાહે ર માહિતી અધિકારી ધ્વારા તેમના તા.૨–૯–૦૯ ના પત્રથી અરજદારને બાબત હેઠળના પા.નં. ૧૩ની નકલ પુરી પાડવા સાથે તેમની પ્રોવિડન્ટ ફંડની અરજી જીલ્લા સહાયક નિરીક્ષકને રવાના કર્યાનું જણાવતો પત્ર પાઠવેલ વધુમાં અરજદાર તરફથી તા.૯–૯–૦૯ના રોજ આઈડીનં. ૧૪૨ તા.૩–૭–૦૯ની સામે કરેલ અરજીથી માહિતી મળેલ ન હતી.જે અંગે તા.૭–૮–૦૯ના રોજ કરેલ અપીલ અરજીથી માંગેલ માહિતી તેમને મળેલ હોવાનું જણાવેલ છે. અને અપીલ અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ ડી. નં.૧૪૨૧ તા.૩–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે તા.૨–૯–૦૯ ના રોજ અરજદારે મળી હોવાના તા.૯–૯–૦૯ ના તેમના પત્રમાં જણાવેલ હોઈ અપીલ અરજી રદ કરવા વિનંતી કરતો પત્ર પાઠવેલ હોય અપીલ અરજી અંગે માહિતી બાબતે હવે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

ડાયરેકટર ઓફ પ્લાનીંગ
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) આસી. કમિશ્નર(ફા.) અને જાહેર માહિતીઅધિકારી (હિસાબ) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશચંદ્ર જયંતિલાલ વ્યાસ,